॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૭ — માર્ચ-એપ્રીલ ૧૯૮૭ — અંક ૬

# વાલીઓને,

## હડતાલ, ગુજરાતના શિક્ષણ ઉપરનો અભિશાપ

શાળાઓમાં અધ્યયનનું કામ બંધ કરવું એ સૌથી સહેલી અને અવશ્ય સફળતા મળે એવી બાબત બની ગઈ છે. આનાથી વધુ મોટી કમનસીબી શું હોઈ શકે ?

આમેય અધ્યયનના દિવસો ઓછા છે. વેકેશનો, વિવિધ ધર્મોના વિશિષ્ટ દિવસો, વિશિષ્ટ વ્યક્તિઓના જન્મદિવસો, પરીક્ષા પહેલાં અને પછીના દિવસોમાં અધ્યાપન કાર્ય બંધ હોય છે. કોઇ નેતાનું અવસાન થાય તો શોક પ્રદર્શિત કરવા અધ્યાપન કાર્ય તો બંધ કરવું જ પડે.

ગમે તે મુદ્દો વિવિધ રાજકીય પક્ષો ઉભો કરે ત્યારે પહેલું કામ "શાળા બંધ" કરવાનું થાય. ગમેતે પક્ષ સત્તા ઉપર હોય પણ સામેનો પક્ષ આ શસ્ત્રનો ઉપયોગ કરે, શાળાઓ બંધ થાય, પ્રજા આ બધું મુંગે મોઢે સાહજિક રીતે સ્વીકારીને જાણે કશું ખોટું નથી, અનિયમિત નથી, અયોગ્ય નથી આમ જ હોય તેવા ભાવ સાથે.

આ અયોગ્ય છે તેમ માનનારો વર્ગ પણ છે ખરો, પણ નાની લઘુમતીમાં, તેણે સક્રિય બનવું જ રહ્યું. મુશ્કેલ કામ છે, પરંતુ શાળાઓમાં હડતાલ હોઈ જ ન શકે એ વાત સમાજમાં પ્રસ્થાપિત કરવી પડશે. બધા જ રાજકીય પક્ષોએ આ 'આચારસંહિતા' સ્વીકારવી જોઈએ. આવા પાયાના મૂલ્યનો સ્વીકાર કરવાનો ઈન્કાર કોઇ રાજકીયપક્ષ ન કરી શકે એવી જાગૃતિ પ્રજાએ દેખાડવી જોઇએ.

માર્ચ '૮૭ના મહિનામાં શાળાઓ કેટલા દિવસો ચાલી ? પ્રથમ અઠવાડીયા ઉપર ક્રિકેટમેચની અસર, બીજું અઠવાડીયું બી-એડ્ના પ્રશ્નોની અસર અને પછીના અઠવાડીયાઓમાં એસ એસ. સી.ની જાહેર પરીક્ષાઓને લીધે શાળાઓનું શિક્ષણકાર્ય સાવ પાંગળું રહ્યું. વાર્ષિક પરીક્ષાના આગલા મહિનામાં આ સ્થિતિ રહી. શા માટે આમ બન્યું ? કોઇ ચોક્કસ જવાબો નથી મળતાં. આવી સ્થિતિ માટે વાલીઓને લખ્યું કે આપનું બાળક લાંબો સમય શૈક્ષણિક પ્રદાનથી વંચિત રહ્યું છે, જાણો છો ?

લગભગ બધા જ વાલીઓ આ પરિસ્થિતિથી નાખુશ હતા. કેટલાકે આવો પત્ર લખીને જાણ કરવા બદલ આભાર માન્યો. એક નાનો-અત્યંત નાનો-વર્ગ એવો પણ હતો કે જેણે જણાવ્યું કે એનું બાળક માંદગી જેવા સંજોગોને કારણે શાળામાં આવી શકતું ન હતું. આમ છતાં હું જોઈ શકયો છું કે વાલીઓ પાસે સંપૂર્ણ સાચી માહિતી ન હતી. કેટલાક વાલીઓએ જણાવ્યું કે એમનું બાળક શાળામાં આવવા માગતું હોય છતાં કેટલાંક તત્વો તેમને શાળામાં આવવા દેતા નહોતા. આટલા બધા દિવસો શાળાનું કાર્ય બંધ રહ્યું તેમાં માત્ર એક જ દિવસ એવું બન્યું છે અને તે બી. એડ્ના વિદ્યાર્થીઓની પ્રેકટીકલ પરીક્ષાના દિવસે જ, બાકી હું અને કેટલાંક જાગૃત વાલીઓ વિદ્યાર્થીઓની પાસે જઇને તેમને સમજાવવા ગયા હતા, તેમની સાથે આ અંગે ચર્ચા કરી છે અને કેટલાંક વિદ્યાર્થીઓ આથી શાળામાં આવ્યા પણ છે. વિદ્યાર્થીઓને બહારના કોઇ તત્વો રોકતા હતા તે વાત ચોક્કસ પણે ખોટી છે, અને આવા વાલીઓ સાથે ટેલીફોનથી આ ચર્ચા કરી છે, અને સાચી હકીકત સમજાવી છે. કેટલાક વાલીઓએ શાળાના દરવાજા બંધ કરી દેવામાં આવતા હતા તેમ જણાવ્યું છે આ હકીકત સાચી નથી. શાળા ચાલુ થઈ ગયા બાદ જ એક જ દરવાજો બંધ કરવામાં આવતો જેથી આવેલા વિદ્યાર્થીઓમાં જો કોઇ તોફાની તત્વો હોય તો નિયમન કરવું સરળ પડે. શાળાની ઓફીસ સામેનો મુખ્ય દરવાજો આવવા જવા ખૂલ્લોજ રહેતો

આ બધામાં વિદ્યાર્થીઓનો વાંક હું નથી જોતો આ ઉંમરે મિત્રોની લાગણીનો મુકાબલો કરી પોતાના વ્યક્તિત્વનો પરિચય આપવાની નૈતિક હિંમત બતાવવાની અપેક્ષા વધુ પડતી છે એ હું સમજુ છું; પરંતુ આવા પ્રસંગોએ શાળામાં સંપર્ક સાધી બાળકને યોગ્ય હિંમત આપવામાં આવે તો ઘણો ફેર પડે. જેમને ટયુશનો છે તેઓ તો ઘેર પણ અભ્યાસ કરી પહોંચી વળે છે પરંતુ એ સિવાયના વર્ગને આનાથી જે અભ્યાસ સાતત્ય તૂટે છે એ કેવી રીતે ભરપાઈ થઇ શકે ?

આ વિકટ સમસ્યા છે. આપણે સૌ સહકારથી એ વિષે વિચારીશું તો હલ કરવી મુશ્કેલ પણ નથી-અને હલ કર્યે જ છૂટકો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય.

દિનુભાઇના વંદન

## મારો ગીરનો કેમ્પ

પ્રવાસ એટલે દરેક વ્યક્તિને મન આનંદની વાત. પ્રવાસ દ્વારા આપણને ઘણું અવનવું જોવાનું તેમ જ જાણવાનું મળે છે આપણી શાળાએ દર વર્ષની જેમ આ વર્ષે વર્લ્ડ વાઇલ્ડ લાઈફ ફંડના ઉપક્રમે ગીરનો કેમ્પ યોજ્યો હતો ધોરણ ૬ અને ૭નાં કુલ ૬૬ વિદ્યાર્થીભાઇઓએ ભાગ લીધો.

અમે તા. ૪થી ફેબ્રુઆરીનાં રોજ રાત્રે ૯ વાગે શાળામાં ભેગા થયા, કારણ સવારે અમારે ખૂબ વહેલાં નીકળવાનું હતું. શાળામાં રાત્રે અમને એવરેસ્ટ આરોહણનું એક નાનકડું દસ્તાવેજી ચલચિત્ર બતાવવામાં આવ્યું ત્યાર-બાદ અમે પ્રાર્થના મંદિરમાં જ ઊંઘી ગયાં બીજે દિવસે સવારમાં વહેલા ઊઠી બસમાં ગોઠવાઈ ગયાં. સવારનાં સાડા ચાર વાગે અમે અમદાવાદ છોડયું, અને નવ કલાકમાં ૪૦૦ કિલોમીટરનું અંતર કયાં કાપ્યું તે ખબરેય ન પડી. આ દરમ્યાન અમને ઢસામાં નાસ્તો આપવામાં આવ્યો હતો.

લગભગ બપોરે દોઢ વાગે અમે સાસણગીર પહોંચી ગયાં. ત્યાં અમને જાણવા મળ્યું કે અમારો કેમ્પ બે સ્થળોમાં વહેંચાયેલો છે, (૧) તાલબેલા અને (૨) કમળેશ્વર ડેમ અમને સૌ પ્રથમ તાલબેલામાં લઈ જવામાં આવ્યાં આ હિરણ નદીનાં કિનારે આવેલું એક રમણીય સ્થળ હતું, ત્યાં અમને રહેવા માટે તંબુઓ સોંપવામાં આવ્યા હતાં ત્યાર બાદ અમે અમારો સામાન તંબુમાં ગોઠવી દીધો, અને સાંજે ફરવા ગયા. ત્યાં અમને મગર ઉછેર કેન્દ્ર બતાવવામાં આવ્યું. તે સમયની ગણતરી મુજબ ત્યાં ૭૭૦ મગરો હતાં, ત્યારબાદ અમને ગીરના જંગલ વિષેની માહિતી આપતું પ્રદર્શન બતાવવામાં આવ્યું હતું. રાત્રે અમે કેમ્પફાયર કરીને સુઈ ગયાં.

બીજે દિવસે સવારે અમારે કમળેશ્વર ડેમ પાસે પાસે આવેલા કેમ્પ પર જવાનું હતું તે તાલબેલાથી લગભગ ૯ કિ.મી દૂર હતું. અમે ચાલીને બાર વાગે કમલેશ્વર ડેમનાં કેમ્પ પર પહોંચ્યા, ત્યાં જમ્યા બાદ અમે એક કલાક ખૂબ નાહ્યાં સાંજે ફરવા ગયાં. ત્યાં અમે હરણ, સાબર, ચિત્તલ, વગેરે જોયાં, સાંજે મોડાં અમારાં કેમ્પ ઉપર પાછાં ફર્યા ને ફરી પાછો કેમ્પફાયર કર્યો. અને ગીરનાં જંગલ વિષે ઘણી માહિતી મેળવી.

બીજે દિવસે સવારે સાડા છ વાગે તો અમે જુદા જુદા સ્થળે ફરવા નીકળી પડયા. બાર વાગે પાછાં ફરી જમ્યા બાદ દક્ષિણ ભારતનાં બે ભાઇઓ કે જેઓ ગીરનાં સિંહ અને હરણો વિષે સંશોધન કરતાં હતાં તેમને મળીને ખૂબ રસમય વિગતો જાણી. સાંજે ફરવા ગયા ત્યાં એક સિંહણ જોવાનો પણ લ્હાવો મળ્યો.

સાંજે પાંચ વાગે અમે કેમ્પ છોડયો. સાડાસાત વાગે અમે સતાધાર પહોંચ્યા ત્યાં મોટો પાડો જોયો અને નીના બાપુની સમાધિના દર્શન પણ કર્યા સાંજે સતાધારનાં મંદિરમાં જમીને અમે ગોંડલ જવા ઉપડયાં.લગભગ ચાલતાં દોઢ વાગે અમે ગોંડલ પહોંચ્યા બીજે દિવસે વહેલી સવારે નાસ્તો કરી અમે સાળંગપુર જવા ઉપડયા. સાળંગપુર બે કલાક રોકાઈ જમીને ત્રણ વાગે અમે અમદાવાદ આવવા નીકળ્યા તે છ વાગે અમદાવાદ પાછાં ફર્યાં.

આ પ્રવાસના અનેરા અનુભવો અને પ્રાણીઓનાં મુક્ત વિહારને હું કયારેય ભૂલી નહી શકું.

**નીરજ શોધન ૭ ક**

## વૃક્ષ પ્રેમ

દિલ્હીની ગાદી પર શાહજહાં રાજ કરતો હતો. આ શાહજહાંને વૃક્ષો પર ઘણું વહાલ હતું. એણે ઠેર ઠેર બાગ બગીચા બનાવ્યા. સરસ મજાનો તાજમહાલ બનાવ્યો એની આજુબાજુ સુંદર વૃક્ષો વાવ્યા.

શાહજહાંના મહેલની આજુબાજુ રમણીય બગીચો હતો. એકવાર એ મહેલ પર ડાકુઓનાં ધાડાં ઊતરી આવ્યા. મહેલમાં લૂંટ ચલાવી, આગ લગાવી. મહેલની આજુબાજુ નો સુંદર બગીચો સળગી ગયો. બધા ઝાડ અને છોડ બળી ગયા.

શાહજહાંને ખૂબ દુઃખ થયું. આ જોઇને એની બેગમે પૂછયું "તમે શા માટે આટલા દુઃખી થાવ છો?"

શાહજહાંએ કહ્યું, "આ બધું સળગી ગયું તેથી મને દુઃખ થાય છે"

બેગમે કહ્યુ "એમાં આટલી બધી ચિંતા કેમ? થોડા મહિનામાં જ નવો રાજમહેલ બંધાઈ જશે. પહેલા હતો એના કરતાં વધુ સારો મહેલ તૈયાર કરીશું"

શાહજહાંએ કહ્યુ "મહેલ તો છ મહિનામાં બંધાઈ જાય, પણ મારા પૂર્વજોએ અને મેં ખૂબ જહેમત કરીને ઊગાડેલાં રમણીય વૃક્ષો એટલા મહિનામાં ઊગી શકશે નહીં એનો અફસોસ છે.!"

**નીરવ દેસાઈ ૭-અ**

# એક સમસ્યા

"નિખિલ તેં કયો નિબંધ લખ્યો? કેવા વિષયો આપ્યા હતા?"

"સાવ વિચિત્ર. કયા ઉપર નિબંધ લખવો એ જ ન સમજાય બધા જ વિષયો એવા હતા કે મેં તો માંડ એક વિષય નક્કી કર્યો."

"મારે પણ એવું જ થયું. મને થયું ટી. વી. વિષે લખું, ત્યાં તો વિચાર આવ્યો, ના, ના, ક્રિકેટ વિષે જ લખું, પણ પાછું એમ થયું, બધા જ એના વિષે લખશે તો! આ તો સ્પર્ધા છે, કયાંક સારા માર્કસ આવી જાય તો ઇનામની પણ શકયતા તો ખરી જ ને! એટલે પછી મેં તો ચુંટણી વિષે લખવાનું જ નક્કી કર્યું. ત્યાં શું થયું ખબર છે? મારી બાજુમાં બેઠેલો પ્રણવ પણ ચૂંટણી ઉપર જ નિબંધ લખતો હતો"

"માંડ વિષય નક્કી કરીને લખવા માંડયું પણ કોણ જાણે કેમેય કરી સૂઝે જ નહી કે શું લખું. પહેલેથી વિષયો આપતાં હોય તો કેવો સારો નિબંધ લખાય!"

"પેલા પરાગે તો આખોય નિબંધ બાજુમાં બેઠેલા કૌશલમાંથી જ લખ્યો."

"એવું તે કંઈ થતું હશે? પછી આપણને શું આવડે?"

"હવે આવડીને શું કામ છે? આપણને તો સરસ માર્કસ આવે એટલે બસ, અને એમાંય ઇનામ આવે તો તો કેવી વાહ વાહ થઈ જાય!"

થોડા જ સમય પર યોજાઈ ગયેલ નિબંધ સ્પર્ધાએ આજનાં વિદ્યાર્થી માનસનાં કેટકેટલા પ્રશ્નો પર પ્રકાશ પાડયો છે? આજનો વિદ્યાર્થી જ્ઞાનલક્ષી મટી. ગુણલક્ષી અને પરિક્ષાલક્ષી બન્યો છે તેને માટે કોઇ વિષયના જ્ઞાન કરતાં એ વિષયનાં માર્કસ વધુ મહત્વનાં બની ગયાં છે, પરિણામે તે ઉતારો કરતાં પણ અચકાતો નથી. 'એ પણ એક પ્રકારની ચોરી જ છે, અને તેવું તો ન જ કરાય, તેવો તેનો અંતરાત્માનો અવાજ આજના વિદ્યાર્થીને ભાગ્યે જ ઢંઢોળી શકે છે અને, 'બધા જ ઉતારો કરે છે તો હું કરૂં એમાં ખોટું શું?' તેમ તે માનતો થઇ જાય છે, કદાચ કોઇ વિદ્યાર્થી તો એવું પણ માનતો હશે "એમાં શિક્ષકને કયાં ખબર પડવાની છે?" પણ એ વિદ્યાર્થી શિક્ષકને છેતરતાં પહેલાં પોતાને જ છેતરે છે તેવો તેણે કયારેય વિચાર કર્યો છે ખરો? વિદ્યાર્થીમાં સ્વતંત્ર રીતે વિચારશક્તિ ખીલે, તેની સર્જનશક્તિ વિકસે, તેની લેખનશક્તિ ખીલે, તેના જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે તેટલા માટે શિક્ષણ છે તે આજે ભૂલાતું જાય છે. વિદ્યાર્થીની વિચારશક્તિ કેળવવા માટે લખાવાતાં નિબંધો આજે ગોખણપટ્ટી અને ઉતારા બનતા જાય છે એ શું આજના શિક્ષણની એક ગંભીર સમસ્યા નથી?

**ઉર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૮ ફેબ્રુઆરી અને૧લી માર્ચના રોજ તાલિમ મંડળીના બાળકોનો ગાંધીનગરનો પ્રવાસ યોજવામાં આવ્યો. લગભગ ૧૦૭ બાળકોનો કાફલો બરાબર ૧૨-૩૦ ના સુમારે જુના શારદામંદિરમાંથી ઉપડયો. લગભગ ૧-૩૦ વાગે બાળકો "આમ્રકુંજ" બગીચામાં પહોંચી ગયા. બાળકોએ મગસ તથા ચેવડાનો નાસ્તો કર્યો, ટ્રેનમાં બેઠા બોટીંગ કર્યું, અને સરિતા ઉદ્યાનના ક્રિડાંગણમાં ખૂબ ખૂબ રમ્યા. રાત્રે ખીચડી, કઢી, શાક અને પાપડનું ભોજન કર્યા બાદ બાળકો થાકયા પાકયા સૂઈ ગયા.

સવારના પક્ષીઓના કલરવ સાથે બાળકો ટપોટપ જાગી ગયા. નિત્યક્રમથી પરવારી બાળકોએ ન્યુટ્રામુલવાળુ દૂધ અને મગ તથા ખાખરાનો નાસ્તો કરી પાછા બસમાં ગોઠવાઈ ગયા 'અક્ષરધામ' મંદિરની મુલાકાત લઇ 'આમ્રકુંજ'ના ક્રિડાંગણમાં રમ્યા. ફરીવાર નાનકડી છૂકછૂક ગાડીમાં બેસી બાળકોએ પ્રવાસનો આનંદ માણ્યો. બપોરના ભોજનમાં શીરો, ભજીયા, દાળભાત શાક, વિગેરે પેટ ભરી ખાધું. આરામ બાદ બાળકો લગભગ ૩ વાગ્યાના સુમારે સુરમ્ય ફાર્મ જવા ઉપડી ગયા. ત્યાંની હરિયાળી લોન જોઈ બાળકો ગાંડાતૂર બન્યા, ખૂબ દોડયા ખૂબ, કૂદયા ને ખૂબ રમ્યા.

શ્રી મહોરાવાલાની મહેમાનગતિ માણી. ત્યાં બાળકોએ દ્રાક્ષ ચીકુ, નારંગી, લીંબુનું શરબત તથા બટાટા પૌઆનો નાસ્તો કર્યો. બાળકોને ઘેર જવાની ઇચ્છા ન થઇ. "હજુ અમારે રમવું છે", "અમારે ઘેર નથી જવું", વિગેરે ઉદગારો સંભળાયા, નછૂટકે ત્યાંથી પ્રયાણ કર્યું. અમારી બસ ૬ના ટકોરે બાલમંદિરના આંગણે આવી ઉભી રહી.

શ્રી ચંદુલાલ માધવલાલ હાઇસ્કુલના ટ્રસ્ટીઓએ તથા મહોરાવાલાએ સુરમ્ય ફાર્મમાં બાળકોનું ભાવભીનું સ્વાગત કર્યું તે બદલ અમે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૩-૩-૮૭ને શુક્રવારે તાલિમ મંડળીના બાળકો માટે સુલેખન હરિફાઇનું આયોજન કરવામાં આવ્યું.

**જયોત્સનાબેન શોવન**

---

ઉનાળુ વેકેશન બાદ નવા સત્રમાં શાળાનાં બાલમંદિર અને શિશુમંદિર વિભાગ તા. ૮-૬-૮૭ ને સોમવારથી ચાલુ થશે. **નવા સત્રથી શાળાની બસ નારણપુરા, નવરંગપુરા જેવા દૂરના વિસ્તારમાં જશે નહીં.**

**દિનુભાઈ દવે**

## શિશુમંદિર

વિદ્યાર્થીની વકતૃત્વ શક્તિ ખીલે અને વિદ્યાર્થીની જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે તે આશયથી પ્રાર્થનાસભામાં વક્તવ્યનાં કાર્યક્રમો યોજાય છે. જેમાં નીચે પ્રમાણે કાર્યક્રમો યોજાયાં.

તા. ૬-૨-૮૭ શ્રી મોતીલાલ નહેરુ પુણ્યતિથિ
તા ૯-૨-૮૭ કવિ શ્રી દયારામ પુણ્યતિથિ
તા. ૨૫-૨-૮૭ પૂ.રવિશંકર મહારાજ જન્મજયંતિ
તા. ૨૭-૨-૮૭ ચંદ્રશેખર આઝાદ પુણ્યતિથિ

તા. ૨૪-૨-૮૭ના રોજ લાયન્સ કલબ ઓફ વાસણાનાં ઉપક્રમે ધો. ૬ અને ધો. ૭ના વિદ્યાર્થીઓને 'વિદ્યાર્થી' અને 'અવાજનું પ્રદુષણ' ફિલ્મો બતાવવામાં આવી જેથી બાળકોને ઘણી માહિતી પ્રાપ્ત થઇ.

**ગીર કેમ્પ** :- તા. ૫-૨-૮૭ થી ૮-૨-૮૭ દરમ્યાન વર્લ્ડ વાઈલ્ડ લાઈફના સહકારથી ગીરના જંગલોમાં એક કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં શાળાના ૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**પ્રવાસ** :- તા ૨૧-૨-૮૭ અને ૨૨-૨-૮૭નાં રોજ ધોરણ ૫નાં વિદ્યાર્થીઓનો મહુડી, તારંગા, વિજાપુર અને મહેસાણાનો પ્રવાસ યોજાયો હતો. જેમાં ૧૨૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાં તેઓએ વિજાપુરમાં રાત્રી રોકાણ કરી ભાવના અને આરતીનો લાભ લીધો.

તા. ૨૫-૨-૮૭નાં રોજ ધોરણ ૧ના બાળકો માટે 'વિશાલા'નો પ્રવાસ યોજાયો. વિશાલામાં ૧૧૪ વિદ્યાર્થીઓએ તેનું મ્યુઝીયમ જોયું, પપેટ શો જોયો. કુંભારનો ચાકડો જોયો. ગ્રામ્ય વાતાવરણમાં વિદ્યાર્થીઓએ ખૂબ મજા માણી અને તેનાં મ્યુઝીયમનાં નમૂનાઓની કલાકારીગિરી જોઈ બાળકો આશ્ચર્યમુગ્ધ બની ગયાં.

**આંતરગૃહ સ્પર્ધા** :- તા. ૧૧-૩-૮૭નાં રોજ યોજાએલ **કેરમની** સ્પર્ધામાં શ્રી દેવાંગ પરીખ ૭ ब (મેઘનાદ) પ્રથમ અને શ્રી નિશિથ ચુડાસમા ૬ अ (ધવલગિરિ) દ્વિતીય વિજેતા નિવડયાં.

**તા. ૧૩-૩-૮૭નાં રોજ યોજાએલ ચેસની સ્પર્ધામાં પ્રથમ શ્રી સૌમિલ વ્યાસ, ૬ क (ધવલગિરિ) અને દ્વિતીય શ્રી દેવાંગ પરીખ, ૭ ब (મેઘનાદ) વિજેતા નિવડયાં છે તે** બદલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન.

**અભિનંદન** :- ૨૮-૨-૮૭નાં રોજ વડોદરામાં યોજાએલ સ્પીડ રોલર સ્કેટીંગ સ્પર્ધામાં ચિ. ચાંદની પટવા ૭ ब એ વાડીલાલ આઈસ્ક્રીમ તરફથી ચંદ્રક મેળવ્યો તે માટે અભિનંદન.

તા. ૨૫-૧૨-૮૬નાં રોજ એલીસબ્રીજ આરોગ્ય સમિતિ તરફથી યોજાએલ સ્કેટીંગ સ્પર્ધામાં ચિ. આમ્પી પટેલે ૨ क એ ૩૦ કલાક સુધી અને ચિ. અંકુર રાજુભાઈ પટેલે ૧૫ કલાક સુધી સતત સ્કેટીંગ કરી પ્રમાણપત્રો મેળવવા બદલ અભિનંદન

## વિનયમંદિર

**તા. ૨-૨-૮૭નાં રોજ ધો. ૮ અને ૯ નાં વિદ્યાર્થી 'ભાઈ બહેનોએ સ્વયંશિક્ષણ દિન' યોજ્યો, જેમાં વિદ્યાર્થી** ભાઈબહેનોએ સફળતાપૂર્વક શિક્ષણની કામગીરી સંભાળી.

**પ્રવાસ** :- તા. ૮-૨-૮૭નાં રોજ ધો. ૯ નાં ભાઈબહેનો માટે 'સીતેશ્વર મહાદેવ' નો પ્રવાસ યોજવામાં આવ્યો. જેમાં તેઓએ વિવિધ રમતો અને નદીસ્નાનનો આનંદ માણ્યો.

તા. ૨૨-૨-૮૭નાં રોજ ધો. ૮ ની બહેનોનો 'સાદરા' મુકામે પ્રવાસ યોજવામાં આવ્યો. જેમાં તેઓએ વિવિધ રમતો, ગીતો અને ભોજનનો આનંદ માણ્યો.

તા. ૨૫-૨-૮૭નાં રોજ પ્રો. હરીભાઇ કોઠારીનું પ્રવચન યોજવામાં આવ્યું, તેઓએ પુષ્પમાં રહેલાં ચાર ગુણ, સૌંદર્ય, રસ, સુવાસ અને કોમળતાને જીવનમાં ઊતારવાની પ્રેરણા આપી. તદુપરાંત તેજસ્વી બાળક નબળા બાળકને માર્ગદર્શન આપી સત્કર્મ કરી શકે છે તેમ બોધ આપ્યો. વ્યાખ્યાન ખૂબ સુંદર અને બોધપ્રદ હતું.

તા. ૨૩ થી ૨૮ ફેબ્રુઆરીનાં દિવસોમાં નોર્થ અમદાવાદ જેસીસનાં ઉપક્રમે શાળાનાં ધોરણ ૧૧ નાં વિદ્યાર્થીઓ માટે 'વ્યક્તિવિકાસ સપ્તાહ' યોજવામાં આવ્યું. જેમાં લગભગ ૪૩ વિદ્યાર્થી ભાઇબહેનોએ ભાગ લીધો. જેસીસ સંસ્થા સાથે સંકળાયેલા તથા સંસ્થા સાથે સંકળાએલા શ્રી શિવપ્રસાદ વ્યાસે વિદ્યાર્થીઓને 'હું અને મારી આસપાસની દુનિયા' વિષે વાત કરતાં માનવસંબંધોનું માહાત્મ્ય સમજાવ્યું. સંસ્થાનાં સંયોજક શ્રી ઉર્મિલાબેન શાહે 'સમયનો સદુપયોગ' વિષે સુંદર પ્રવચન આપ્યુ ને વિદ્યાર્થીઓને સમયની અગત્યતા સમજાવી. આ ઉપરાંત 'વકતૃત્વ' અને વાતચીતની કળા ઉપર પણ સુંદર પ્રવચનો યોજવામાં આવ્યા. આ કાર્યક્રમ યોજવામાં ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી સતીષભાઈ માવલંકર અને શ્રી અતુલ મહેતાએ અગત્યનો ભાગ ભજવ્યો. શ્રી દેવેન્દ્રભાઇનાં હસ્તે ભાગ લેનાર ભાઈબહેનોને સર્ટીફીકેટસ્ અને શ્રી ઉર્મિલાબેનને હસ્તે સુંદર **રીતે ભાગ લેનાર પ્રથમ કક્ષાના વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવ્યા.**

તા. ૧૯-૩-૮૭નાં રોજ ઇન્ટરેકટ કલબનાં ઉપક્રમે નિબંધ સ્પર્ધાનાં ઈનામોની વિતરણવિધિ તથા રમતનો કાર્યક્રમ યોજાયો.

શાળાનું ઉનાળુ વેકેશન તા. ૧૧-૫-૮૭ થી તા. ૧૪-૬-૮૭ સુધી રહેશે. ૧૫-૬-૮૭ થી નવા સત્રનો આરંભ થશે.

**દેવેન્દ્રભાઈ ઠાકર**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઈ દ. દવે આચાર્ય અને નિયામક
શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૭.